# SURAT TRADE AND MERCANTILE LIMITED

(Formerly known as Surat Textile Mills Limited)

Date: 24th April, 2026

**The Corporate Relationship Department,**
**BSE Limited,**
**Phiroze Jeejeebhoy Towers,**
**Dalal Street, Fort,**
**Mumbai 400001**
**Scrip Code: 530185**

**Sir/ Madam,**

**Sub: Newspaper Publication titled "Notice with respect to Special Window**

Pursuant to the SEBI Circular No. HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 dated January 30, 2026, a special window has been made available for a period of one year from February 5, 2026 to February 4, 2027, for transfer and demat of physical shares which were sold/purchased prior to April 1, 2019, and rejected/returned/not attended by the Company/its Registrar and Share Transfer Agent ("RTA"), due to deficiencies in the documents/process/or otherwise.

In view of the same, please find enclosed clippings of the newspaper publication titled "Notice with respect to Special Window for transfer and dematerialization of physical shares", published in Loksatta and Indian Express Publications on April 22nd 2026.

A copy of this intimation is also being made available on the website at www.stml.in.

This is for your information and record.

Thanking you

Yours faithfully,
**For Surat Trade and Mercantile Limited**

MAHEK GAURAV JAJU
Digitally signed by MAHEK GAURAV JAJU
Date: 2026.04.24 11:09:22 +05'30'

**Mahek Gaurav Jaju**
**Company Secretary and Compliance Officer**

Encl.: As above

**સિધ્ધાર્થ કથીરિયાની ફેક્ટરીમાંથી ૧૨.૦૩ લાખનો મુદ્દામાલ જપ્ત**

# ઉમરા ગામની સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાંથી ભેળસેળિયું દેશી ઘી બનાવવાની ફેક્ટરી ઝડપાઈ



સુરત, તા.૨૧

સચિન જીઆઈડીસી બાદ હવે મોટાવરાછાનાં ઉમરા ગામે આવેલા સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાંથી ભેળસેળિયું ઘી બનાવી વેચતી ફેક્ટરી એસઓજીએ ઝડપી પાડી છે. આ ફેક્ટરીમાંથી સોયાબીન ઓઈલ, વેજીટેબલ ફેટ અને ઘી મળી કુલ ૧૨.૦૩ લાખની મતા કબજે લેવાઈ હતી.

**૧૮૯૦ લીટર સોયાબીન ઓઇલ, ૭.૫૦ લાખનું વેજીટેબલ ફેટ મળ્યું: શંકાસ્પદ ઘીનાં ૧૫ કિલોનાં ૫૦ ડબ્બા પણ એસઓજીએ કબજે લીધા**

એસઓજી પાસે મળતી માહિતી અનુસાર સબ ઈન્સ્પેકટર ધર્મેન્દ્રસિંહ વાઘેલા તેમની ટીમ સાથે ચૂંટણી સંદર્ભે પેટ્રોલિંગમાં હતાં. આ દરમિયાન એવી માહિતી મળી હતી કે, વેલંજાનાં ઉમરમાં મેટ્રિક્સ ગ્લોબલ સ્કુલ પાસે સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં કાર્યરત જહાલ એન્ટરપ્રાઈઝમાં સિદ્ધાર્થ હિંમતભાઈ કથીરિયા નામનો શખ્સ વનસ્પતિ ઘી અને એસેન્સનો ઉપયોગ કરી ભેળસેળ યુક્ત ઘી બનાવી તેને દેશી શુદ્ધ તરીકે વેચી રહ્યો છે.

વાઘેલાની ટીમે ખાનગી રાહે તપાસ સાથે ખાત્રી કરાવી હતી. બાદમાં સુરત મહાનગર પાલિકાનાં ફુડ એન્ડ સેફટી વિભાગનાં અધિકારી ડી .બી. મકવાણાને સાથે રાખી જહાલ એન્ટરપ્રાઈઝમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી સિદ્ધાર્થ હિંમતભાઈ કથીરિયા (રહે, ગ્રાઉન્ડ ફ્લોર કુબેર નગર, ક્રિષ્ના પાકની સામે સીમાડા ગામ, સુરત) મળી આવ્યો હતો. અમરેલી તાલુકાનાં વાકિયા ગામનાં વતની મકવાણાને સાથે રાખી કારખાનું કહો કે શેડમાં તપાસ કરાઈ હતી.

જેમાં વીલીના રીફાઈન્ડ સોયાબીન ઓઈલનાં ૧૨૬ ડબ્બા મળ્યાં હતાં. ૩,૦૨,૪૦૦ રૂપિયા કિંમતનું ૧૮૯૦ લીટર સોયાબીન ઓઈલ ઉપરાંત હોટેલ કિંગ વેજીટેબલ ફેટના ૨૦ ડબ્બા પણ મળ્યા હતાં. ૩૦૦ કિલો વેજીટેબલ ફેટની ૪૭ હજાર કિંમત થતી હતી. આ ઉપરાંત સૂત્ર વનસ્પતિ નામના વેજીટેબલ ફેટના ૭,૦૩,૮૦૦ રૂપિયા કિંમતના ૩૦૬ બોક્સ મળ્યાં હતાં. તૈયાર માલના વેજ ફેટના ૧૫ કિલોના ૧.૫૦ લાખ રૂપિયા કિંમતના ૫૦ નંગ ડબ્બા મળી કુલ ૧૨,૦૩,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

સિદ્ધાર્થ કથીરિયાની પ્રાથમિક તપાસમાં એવી વાત બહાર આવી હતી કે, તે આ સોયાબીન ઓઈલ અને વેજીટેબલ ફેટમાં થોડું શુદ્ધ ઘી અને એસેન્સ ઉપરાંત રંગો રસાયણો ઉમેરી ઘી બનાવતો હતો. આ ભેળસેળિયું ઘી તે દેશી શુધ્ધના નામે વેચતો હતો. પાલિકાના અધિકારીઓએ વેજીટેબલ ફેટ, ભેળસેળિયું ઘી, સોયાબીન ઓઈલ વિગેરેના સેમ્પલ લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જેના રિપોર્ટ આવ્યા બાદ સિદ્ધાર્થ કથીરિયા સામે કાર્યવાહી કરવામાં આવશે.

## બીમારીથી કંટાળી વૃદ્ધાએ એસિડ ગટગટાવીને આપઘાત કર્યો

સુરત, તા.૨૧

સુરત શહેરનાં નવાગામ ડીંડોલી ખાતે આવેલા બાલાજી નગરમાં રહેતા ૬૫ વર્ષના લક્ષ્મીબેન ગોવર્ધન નીપાણેએ ગઈકાલે રાત્રે પોતાના ઘરમાં એસિડ ગટગટાવી લેતા ૧૦૮માં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેણીનું રાત્રે જ સારવાર વચ્ચે મોત થયું હતું. વૃદ્ધાએ બ્લડ પ્રેશર, સુગર, થાઈરોઈડ સહિતની બીમારીથી કંટાળી અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. મૃતકને બે પુત્ર એક પુત્ર છે. તેની એક પુત્ર સાથે રહેતા હતા, જે પુત્ર ખાનગી કંપનીમાં નોકરી કરે છે.

## વેસુમાં યુવકનો ફાંસો ખાઈ રહસ્યમય આપઘાત

સુરત, તા.૨૧

સુરત શહેરના વેસુ વિસ્તારમાં આવેલી મજૂર કોલોનીમાં રહેતા ૨૩ વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ યુવકે કયા સંજોગોમાં અંતિમ પગલું ભર્યું તે અંગે રહસ્ય સર્જાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર વેસુ વિસ્તારમાં આવેલી મજૂર કોલોનીમાં રહેતા ૨૩ વર્ષીય અશરફ મોહમ્મદ મોહસીને ગત સાંજે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કરી લીધો હતો. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. અશરફ છૂટક મજૂરી કામ કરી પોતાના પરિવારને મદદ કરતો હતો.

**શહેરની તમામ ટેક્સ્ટાઈલ માર્કેટોનાં મીટરથી લઇને વાયરિંગ અને ઇક્વીપમેન્ટ્સ લોડ ચેક કરાશે**

# ટેક્સ્ટાઈલ માર્કેટોમાં આગ હોનારતો ટાળવા માટે ફોસ્ટાએ એક્શન પ્લાન તૈયાર કર્યો



સુરત, તા.૨૧

દર ઉનાળામાં શહેરની અનેક ટેક્સ્ટાઈલ માર્કેટોમાં આગ હોનારતો સર્જાવાનો સિલસિલો છેલ્લા પાંચેક વર્ષથી ચાલી રહ્યો છે અને આગ એટલી વિકરાળ બને છે કે તેની ઝપેટમાં અનેક નિર્દોષ દુકાનદારોનો લાખો કરોડોનો માલ સ્વાહા થઈ જાય છે. આ ઘટનાને રોકવા માટે ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સ્ટાઈલ એસોસીએશન (ફોસ્ટા)એ ટોરન્ટ પાવર કંપનીનાં અધિકારીઓ સાથે એક એક્શન પ્લાન ઘડી કાઢ્યો છે જે અન્વયે આગામી દિવસોમાં કાર્યવાહી હાથ ધરીને દરેકે દરેક માર્કેટોની દરેક દુકાનમાં ઈલેક્ટ્રિસિટી સપ્લાયનું રિવર્સ ઓડિટ કરવામાં આવશે અને જરૂર જણાય ત્યાં લોડ એક્સ્ટેન્શન તેમજ અન્ય કામગીરી હાથ ધરવામાં આવશે.

**દરેક ટેક્સ્ટાઈલ માર્કેટો અને વેપારીઓને ઇલેક્ટ્રિસિટી યુઝ ડેકલેરેશન ફોર્મ અપાશે**

ફોસ્ટાનાં સેક્રેટરી દિનેશ કટારીયાએ જણાવ્યું હતું કે આજે ટોરન્ટ પાવર કંપનીનાં અધિકારીઓ સાથે એક મીટિંગ યોજાઈ હતી જેમાં ટેક્સ્ટાઈલ માર્કેટોમાં છાશવારે બનતી આગની ઘટનાઓ નિવારવા માટે શું શું થઈ શકે એ મુદ્દા પર વિચારણા કરવામાં આવી હતી. ટોરન્ટ પાવરનાં ભાવિક દેસાઈ, દિપેન પટેલ, કાર્તિક ચાવાલા તેમજ અન્યો સાથે મળેલી મીટિંગમાં કેટલાક મુદ્દાઓ શોધી કાઢવામાં આવ્યા છે જે આગ હોનારત માટે જવાબદાર છે.

દિનેશ કટારીયાએ જણાવ્યું કે આગામી દિવસોમાં દરેક માર્કેટોનાં મેનેજમેન્ટ તેમજ માર્કેટમાં કાર્યરત ઈલેક્ટ્રિશિયન્સ તેમજ લાઈસન્સ કોન્ટ્રાક્ટર્સ સાથે એક જોઈન્ટ મીટિંગ યોજાશે. આ મીટિંગમાં એક કોમન એજન્ડા નક્કી કરવામાં આવશે જેમાં દરેક દુકાનદાર વેપારીને એક ડેકલેરેશન ફોર્મ આપવામાં આવશે જેમાં તેમના હયાત વીજ જોડાણની કેપેસિટી અને તેમની દુકાનોમાં લગાડવામાં આવેલા ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ્સ, એસી, લાઈટ, પંખા, કુલર, ઈન્ડક્શન સ્ટવ, અસ્ત્રી વગેરે જેવા તમામ ઈલેક્ટ્રીકલ ઈક્વિપમેન્ટ્સની જાણકારી આપવા માટે એક ડેકલેરેશન ફોર્મ આપવામાં આવશે. આ પ્રકારે દરેક દુકાનોનું લોડ વિવરણ કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવશે. જ્યાં જરૂરિયાત જણાશે ત્યાં તાત્કાલિક લોડ સુધાર, લોડ વધારાની કામગીરી તેમજ તેના ઉકેલને સુનિશ્ચિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. દરેક માર્કેટો, દુકાનોમાં મીટરથી લઈને હયાત વાયરિંગની વ્યવસ્થા, લોડ તેમજ વાયર ગ્રેડ, સ્વીચ તેમજ જોડાણની ક્વોલિટી, અર્થિંગની સ્થિતિ વગેરેની ચકાસણી કરવી અત્યંત જરૂરી છે એટલે એ કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

**મેરેડિયન બિઝનેસ સેન્ટરની એપીક ઇનોવેશન એલ.એલ.પી. પેઢીનું ઉઠમણું**

# ફોરેક્સ ટ્રેડિંગમાં મહિને ૫ ટકા વળતર જણાવી મોટાવરાછાની કંપનીએ ૨.૦૫ કરોડનું ફુલેકું ફેરવ્યું

સુરત, તા.૨૧

ફોરેક્સ ટ્રેડિંગનાં નામે કરોડો આર્થિક છેતરપિંડીનો વધુ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોટા વરાછા, લજામણી ચોક, મેરેડિયન બિઝનેસ સેન્ટરમાં ઓફિસ ધરાવતા પરિવારે દર મહિને ચારથી પાંચ ટકા વળતર આપવાની લોભામણી સ્કીમ આપી ૧૩ વ્યક્તિ પાસે કુલ રૂપીયા ૨.૦૫ કરોડનું ઉસેટી ફુલેકું ફેરવ્યું હતું.

**સ્વામીનારાયણ સંપ્રદાયનાં હરિભક્તોને ટાર્ગેટ કર્યા હતાં**

અશોક તેજાણીનાં ૧૦ લાખ, ભદ્રેશ ગાબાણીનાં ૨૧.૫૦ લાખ, હીરાબેન પીપળીયાનાં ૧૦ લાખ, જીગર હર્ષદભાઈ પટેલનાં ૦૫ લાખ, રાજેશ સુતરીયાનાં ૨૫ લાખ, રમેશ રામજીભાઈનાં ૧૧.૫૦ લાખ, સંગીતાબેન તેજાણીના રોકડા ૦૯ લાખ, ત્રિભુવન સેંજલીયાના ૨૧.૪૦ લાખ, હિના જીગ્નેશભાઈ પટેલના ૯.૨૫ લાખ, જીગ્નેશ પટેલના ૩૬.૬૩ લાખ, ધનજી રાજાણીના ૦૫ લાખ, દેવકુવરબેન પટેલના રોકડા ૦૫ લાખ રૂપિયા એપીક ઈનોવેશન એલ.એલ.પી કંપનીમાં ફસાયાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે. આમાંથી મોટાભાગનાં સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલા એટલે કે હરિભક્તો હોવાનું જાણવા મળે છે.

**» અશોક સોલંકી ઉપરાંત દિકરો જય અને દીકરી જ્યોતિ ઉપરાંત ઋષિ પટેલ ભાગીદાર**
**» ઓફિસનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજી સોલંકીએ પરિચિતોને આંજી નાંખી રૂપિયા પડાવ્યા હતાં**

આર્થિક ગુના નિવારણ શાખા પાસે મળતી માહિતી અનુસાર ડભોલી ચાર રસ્તા પાસે સ્વામી નારાયણ નગરમાં રહેતાં અનિલ રામજીભાઈ બલર કપડાનો ઓનલાઈન વેપાર કરે છે. તેઓ અવારનવાર ડભોલી સ્થિત સ્વામિનારાયણ મંદિરે જતાં રહે છે. જ્યાં તેમને અશોક મુળજીભાઈ સોલંકી તથા તેમના દિકરા જય અને દીકરી જ્યોતિ અશોકભાઈ સોલંકી (તમામ રહે, એફ-૨, ૨૦૧, સ્ટાર ધર્મ રેસીડન્સી, પાસોદરા પાટીયા, કામરેજ) સાથે ઓળખ પરિચય થયો હતો.

ભાવનગરનાં ઉમરાળા તાલુકાનાં વતની એવા આ સોલંકી પરિવાર મંદિરમાં અવાર નવાર કાજુ બદામ જેવી પ્રસાદી વહેંચવા સહિતની પ્રવૃતિઓ થકી અન્ય હરિભક્તોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરતા હતા. દરમિયાન માર્ચ-૨૦૨૪માં આ સોલંકી પિતા-પૂત્ર અનિલભાઈને સ્વામીનારાયણ મંદિરે મળ્યા હતાં. જ્યાં વાતચીત દરમિયાન સોલંકીએ તેઓ એપીક ઈનોવેશન એલ.એલ.પી. નામની ભાગીદારી પેઢી થી ફોરેક્ષ ટ્રેડિંગનો ધંધો કરતા હોવાનું જણાવ્યું હતું.

સોલંકીએ તેમણે તેમની નવી ઓફી મોટાવરાછાનાં લજામણી ચોક સ્થિત મેરેડિયન બિઝનેસ સેન્ટરમાં બનાવી હોવાનું કહી ઉદ્ઘાટનમાં હાજર રહેવા આમંત્રણ પણ આપ્યું હતું. અનિલ બલર ઉદ્ઘાટનમાં ગયા ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે, એપીક ઈનોવેશન એલ.એલ.પી પેઢીમાં (૧) જય અશોકભાઈ સોલંકી (૨) જ્યોતિ અશોકભાઈ સોલંકી (૩) ઋષિ સુરેશભાઈ પટેલ ભાગીદારો છે. તેઓ તેમના પરિચિતોને રોકાણ કરવા જણાવી દર મહિને ૪ થી ૫ ટકા રીટર્ન કહો કે નફો આપવાની વાતચીત કરતાં હતાં.

મહિને આટલાં ઉંચા વળતરની વાતથી બલર લલચાયા હતાં. ત્યારબાદ તેઓએ અશોક સોલંકીના કહેવાથી ૧૫ લાખ રૂપિયા રોકાણ પેટે જય સોલંકીના બેંક ખાતામા ટ્રાન્સફર કર્યા હતાં. જેની સામે તેમને મે-૨૦૨૪માં રોકડા ૫૬,૬૬૬ અને જુન મહિનામાં ૬૦,૦૦૦ રૂપિયા વળતર ચૂકવાયું હતું. ત્યારબાદ બલરના કહેવાથી સોલંકી પિતા-પૂત્રએ ૨૦ જુન, ૨૦૨૪ના રોજ ધંધાનાં વિકાસ માટે ૧૫ લાખ ઉછીના લીધા હોવાની પ્રોમિસરી નોટ લખી આપી હતી.

ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી બલરને રોકાણ સામે વળતર ચૂકવાયું હતું. ત્યારબાદ તેઓ ઓફિસ બંધ કરી દીધી હતી. બલરે તેમનો સંપર્ક કરી રોકાણ પરત માંગતા રહ્યા અને તેઓ પહેલા વાયદા કરતા રહ્યા અને પછી વતન ભાગી ગયા હતાં. ત્યારબાદ ઓક્ટોબર ૨૦૨૪માં ઋષિ પટેલે રોકાણકારો સાથે મિટિંગ કરી રૂપિયા પરત આપવાની બાંહેધરી તો આપી પરંતુ કોઈને પૈસા અપાયા ન હતાં. જેથી અનિલ બલરે આ તમામ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## મોપેડ પર ઉભેલા યુવકનું છાતીમાં દુખાવા બાદ મોત

સુરત, તા.૨૧

સુરત શહેરના ભેંસાણ રેલવે ફાટક પાસે મોપેડ પર ઉભેલા અડાજણના યુવકનું છાતીમાં દુખાવો થતાં મોત નીપજ્યું હતું. અડાજણ વિસ્તારમાં આવેલ EWS ક્વાર્ટરમાં ૩૬ વર્ષીય હિતેષ પ્રકાશભાઈ એરાપલે એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે રાત્રે હિતેષ મોપેડ લઈને જઈ રહ્યો હતો. દરમિયાન ભેંસાણ રોડ રેલવે ફાટક પાસે તેને છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. જેથી તે મોપેડ સાઈડ પર ઊભી રાખી દીધી હતી. ત્યારબાદ તેની તબિયત લથડતા તે બેભાન થઈને ઢળી પડ્યો હતો. જેથી રાહદારીએ ૧૦૮નો સંપર્ક કરી હિતેષને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. હિતેષનું મોત હાર્ટ એટેકથી થયું હોવાની શક્યતા ડોક્ટરે વ્યક્ત કરી હતી.

**ધુળેટીની રાત્રે સોસાયટીનાં ગેટ પાસે એક્ટિવા સાથે રોડ પર પાડી ધોકાવાળી કરી હતી**

# વરાછાનાં ચર્ચાસ્પદ અશોક પાંચાણી ઉપર હુમલો કરનાર ચિરાગ ભરવાડની ધરપકડ

સુરત, તા.૨૧

જમીનનાં ધંધામાં ચર્ચાસ્પદ વ્યક્તિ કહેવાતાં અશોક પાંચાણી ઉપર હત્યાનાં ઈરાદે હુમલો કરવાના કેસમાં માથાભારે ચિરાગ ભરવાડની ધરપકડ કરાઈ છે.

વરાછા પોલીસ પાસે મળતી માહિતી અનુસાર લંબેહનુમાન રોડ ઉપર તિરૂપતી નગરમાં રહેતાં અશોક નાથાભાઈ પાંચાણી જમીન લે-વેચનો ધંધો કરે છે. ભાવનગરનાં ગારીયાધાર તાલુકાનાં ફાંચરિયા ગામનાં વતની અશોક પાંચાણી આશીર્વાદ કોમ્પલેક્ષમાં પાંચાણી એનર્જી પ્રાઈવેટ લિમિટેડ નામથી ઓફિસ ધરાવે છે. ચોથી માર્ચે ધુળેટીનો તહેવાર હોય પાંચાણી તેમના ઘરે હતાં. દરમિયાન સાંજે સાતેક વાગ્યે તેઓ અવધ હોટેલમાંથી જમવાનું લેવા ગયા હતાં.

પાર્સલ લઈ તેઓ આઠેક તિરૂપતી સોસાયટીના ગેટ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં નંબર વગરની કાર ઉભી હતી. આ કારમાં ચિરાગ ભરવાડ અને અન્ય એક યુવક બેઠા હતાં. પાંચાણી ગેટ પાસે આવતાં જ ચિરાગ ભરવાડ ગાડીમાંથી ધોકો લઈને ઉતર્યો હતો. તેણે દોડીને પાંચાણીને એક્ટિવા સાથે નીચે પાડી દીધા હતાં. ત્યારબાદ તેણે ×તારે જમીન મેટરમાં

**» મોટા વરાછાની જમીન અંગેની ફરિયાદમાં સમાધાન કરતાં ન હોય હત્યાનો પ્રયાસ કર્યો**
**» અડાજણનાં બે જમીન દલાલોને ધમકાવી પૈસા પડાવવાના ગુનાઓ પણ નોંધાયા હતાં**

સમાધાન ન કરવું હોય તો તને તને જીવતો રહેવા દેવો નથી, પતાવી જ દેવો છે'' તેમ કહી હુમલો કરી દીધો હતો. ચિરાગ અને તેની સાથેના યુવકે ભેગા મળી પાંચાણીને લાકડાના ધોકાઓ વડે જેમ ફાવે તેમ માર મારવા માંડ્યો હતો. પાંચાણીએ બુમાબુમ કરતા ત્યાં ટોળું એકઠું થવા માંડ્યું હતું. દરમિયાન પાંચાણી બેહોશ થઈ જતાં બંને જણા ત્યાંથી ફરાર થઇ ગયા હતાં.

મોટા વરાછા ખાતે આવેલી જમીન બાબતે ચાલતી તકરાર બાબતે અપાયેલી ફરિયાદમાં સમાધાન માટે ચિરાગ ભરવાડ ઘણાં વ્યક્તિઓ મારફત પાંચાણીને કહેવડાવતો હતો. જો કે, પાંચાણી સમાધાનની ના પાડતાં હોય ભરવાડે આ વાતની અદાવત રાખી હત્યાના ઈરાદે હુમલો કર્યો હતો. પાંચાણીએ તેમની હત્યાના ઈરાદે હુમલો કરવા અંગે ચિરાગ ભરવાડ અને તેના સાગરીત સામે વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ચિરાગે અડાજણના જમીન દલાલ મહેન્દ્ર પટેલ અને વૈભવ દેસાઈને ધમકાવી બળજબરીથી પૈસા પડાવ્યાની ફરિયાદ પાલ અને અડાજણ પોલીસ મથકમાં નોંધાઈ હતી. આ રીતે ત્રણ ગુનામાં વોન્ટેડ બનેલા ચિરાગ રેવાભાઈ પાચાભાઈ મેર ઉર્ફે ભરવાડ (ઉ.વ.૩૦ ધંધો-પશુપાલન રહે-મુળવતન ગામ-માંડવા તા-ગઢડા જી-બોટાદ)ની ધરપકડ કરાઈ છે.

# નવી જિલ્લા કોર્ટ માટે મગદલ્લા વિસ્તારમાં સરકારી જમીન ફાળવવાની પ્રક્રિયા શરૂ

સુરત, તા. ૨૧

સુરત શહેરમાં નવી જિલ્લા કોર્ટ ઈમારતના બાંધકામ માટે મગદલ્લા વિસ્તારમાં સરકારી જમીન ફાળવવાની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. અગાઉ ફાળવવામાં આવેલી જમીન બાંધકામ માટે યોગ્ય ન હોવાનું બહાર આવતા, હવે મગદલ્લા ગામે સર્વે/બ્લોક નંબર ૨/૧ તેમજ ફાઈનલ પ્લોટ (ઁ) નં. ૫૫ અને ૪૪ની જમીન વૈકલ્પિક સ્થળ તરીકે પસંદ કરવામાં આવી છે.

જમીન મુદ્દે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગુજરાત હાઈકોર્ટની ઈન્ફ્રાસ્ટ્રક્ચર કમિટીએ સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન અને સુરત સિટી એડવોકેટ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં મગદલ્લાની સરકારી જમીન નવી કોર્ટ માટે યોગ્ય ગણાવવામાં આવી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી મહિનામાં ન્યાયાધીશોની ટીમે સ્થળ નિરીક્ષણ કરી પ્રાથમિક રીતે આ સ્થળને યોગ્ય ગણાવ્યું હતું. સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશે જમીન ફાળવણી માટે વહીવટી કાર્યવાહી શરૂ કરવા સત્તાવાર વિનંતી પણ કરી હતી. આ જમીન માર્ગ અને મકાન વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ આવતી હોવાથી, ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ વિભાગના કાર્યકારી ઈજનેરને જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. ૨૭ માર્ચના પત્ર અનુસાર, નવી જિલ્લા કોર્ટ ઈમારત માટે અંદાજે રૂા. ૧૮૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત ૨૫ માર્ચે અમદાવાદમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

**નવી બિલ્ડિંગ માટે ૧૮૧ કરોડની વહીવટી મંજૂરી**


**SURAT TRADE AND MERCANTILE LIMITED**

(Formerly Surat Textile Mills Limited)

Regd. Office: Tulsi Krupa Arcade, 6th Floor, Near Aai Mata Chowk, Puna-Kumbharia Road, Dumbhal, Surat 395010

**CIN: L17119GJ1945PLC000214; Website: www.stml.in**

e-mail: sharedepartment@stml.in, Tel.No. (0261) 2311198

**NOTICE TO SHAREHOLDERS**

**SPECIAL WINDOW FOR RE-LODGEMENT OF TRANSFER REQUEST OF PHYSICAL SHARES**

Pursuant to SEBI's Circular no. HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 dated 30th January 2026 a Special Window has been opened for shareholders holding shares in physical form, to submit re-lodgement requests for the transfer of shares. This Special Window is open for a period of one year from February 05, 2026, to February 04, 2027 and is specifically applicable to cases which were lodged prior to deadline of April 1, 2019 and the original share transfer requests which were rejected/returned/not attended due to deficiencies in documentation or were not processed due to any other reason. The shares re-lodged for transfer will be processed only in dematerialise form during this window.

Eligible investors may re-lodge their earlier requests with the Company's Registrar and Share Transfer Agents (RTA) **KfinTechnologies Limited (Formerly Kfin Technologies Private Limited)** along with required documents and rectifying deficiencies if any, during the Special Window period of one year i.e. from February 5, 2026, to February 4, 2027.

Investors are hereby informed that pursuant to the said circular the securities re-lodged for transfer (including those requests that are pending with the Company/RTA as on the date) shall only be issued in demat form after following due process for transfer-cum demat and shall be under lock-in for a period of one year from the date of registration of transfer. Such securities shall not be transferred/lien-marked/pledged during the said lock-in period.dueprocess for transfer-cum demat and shall be under lock-in for a period of one year from the date of registration of transfer. Such securities shall not be transferred/lien-marked/pledged during the said lock-in period.

Investors may send the documents to the RTA on address given below:

**Kfin Technologies Limited**
Selenium Tower B, Plot Nos. 31& 32, Financial District,
Serilingampally Mandal, Hyderabad 500032
State: Telengana, India.
Email: einward.ris@kfintech.com

We encourage all investors who previously submitted transfer requests but have not yet received transferred shares due to outstanding deficiencies to take advantage of this Special Window, established for the benefit of investors.

**Note:** All the shareholders are requested to update their email id(s) with Company/RTA/Depository Participants.

For Surat Trade and Mercantile Limited
Date :22nd April 2026 sd/-
Place: Surat Mahek Jaju
Company Secretary and Compliance Officer


## પુણા ગામના કાપડના વેપારીનું માર્ગ અકસ્માતમાં મોત

સુરત, તા.૨૧

સુરતના પુણા ગામ સ્થિત કિરણ પાર્કમાં રહેતા ૩૬ વર્ષીય પ્રદીપ કેશુભાઈ માંગુકિયા પોતાની પત્ની શ્વેતાબેન સાથે બાઈક પર સગા સંબંધીના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન કાપોદ્રા વિસ્તારમાં મહારાણા પ્રતાપ ગાર્ડન નજીક ટ્રેક્ટર સાથે ટક્કર થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્મતમાં ઈજાગ્રસ્ત બનેલા પ્રદીપને તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. તેમની પત્ની શ્વેતાબેનને સામાન્ય ઈજાઓ પહોંચતા પ્રાથમિક સારવાર આપવામાં આવી છે અને હાલ તેમની સ્થિતિ સ્થિર છે. મૃતક પ્રદીપ માંગુકિયા મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધારના રહેવાસી હતા અને સુરતમાં સાડી વેપાર સાથે જોડાયેલા હતા. ઘટનાની જાણ થતા કાપોદ્રા પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનાથી પરિવારમાં તેમજ વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

**શાકભાજીના ધંધા માટે વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડ્યું**

# ૨.૩૮ લાખ સામે ૪.૧૫ લાખ ચૂકવવા છતાં વધુ ૦૩ લાખ રૂપિયાની ઉઘરાણી

સુરત, તા.૨૧

શાકભાજીના ધંધા માટે વ્યાજે લીધેલા ૨.૩૮ લાખ સામે ૪.૧૫ લાખ ચૂકવ્યા છતાં વધુ ત્રણ લાખ રૂપિયાની માંગણી કરી ત્રાસ અપાયો હતો. આ રૂપિયાની વસૂલી માટે ઘરેથી ઉઠાવી જઈને માર મારવાની ધમકી આપનાર વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

ડિંડોલી પોલીસ પાસે મળતી માહિતી અનુસાર નવગામના કૈલાસ નગરમાં રણજીત કમળાપ્રસાદ ગુપ્તા તેમના પરિવાર સાથે રહે છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના વતની એવા રણજીત ગુપ્તા ચિંતા ચોક પાસે શાકભાજીનો વેપાર કરે છે. ચિંતા ચોક વિસ્તારના દુકાનદારો તથા ફેરિયાઓને રમેશ તિવારી ડાયરી સિસ્ટમથી વ્યાજે રૂપિયા આપતો હતો. તે દરરોજ રાત્રે આઠ થી નવ વાગ્યા દરમિયાન રૂપિયાની ઉઘરાણી કરવા પણ આવતો હતો. દરમિયાન રણજીત ગુપ્તાને પણ ધંધા માટે રૂપિયાની જરૂર પડતાં તેણે પડોશમાં શાકભાજીની લારી ચલાવતા કમલેશ શાહને વાત કરી હતી. કમલેશે ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ રમેશ તિવારી સાથે રણજીતની ઓળખાણ કરાવી હતી. રણજીતે ૧૦ હજાર માંગતાં તિવારીએ વ્યાજના ૫૦૦ રૂપિયા એડવાન્સમાં કાપી ૯૫૦૦ રૂપિયા આપ્યા હતાં. જેમાં તેમણે દરરોજ ૨૦૦ રૂપિયા છ મહિના સુધી ભરવા કહેવાયું હતું. આ રીતે તેણે ૯૫૦૦ રૂપિયા સામે બે મહિનામાં ૧૨,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતાં.

**ઘરેથી ઉઠાવી જઇ મારવાની ધમકી આપનાર રમેશ તિવારી સામે ફરિયાદ**

ત્યારબાદ રણજીત ગુપ્તાએ રમેશ તિવારી પાસે ડિસેમ્બર-૨૦૨૫ સુધી ટૂકડે ટૂકડે ૨,૩૮,૦૦૦ રૂપિયા વ્યાજે લીધા હતાં. જેની સામે તેણે ૪.૧૫ લાખ રૂપિયાનું ચુકવણું કર્યું હતું.

તિવારી પાસે ગુપ્તાએ સપ્ટેમ્બર ૨૦૨૫માં વધું ૫૦ હજાર લીધા હતાં. જેની સામે તેણે બે કોરા ચેક ઉપર સહી કરાવી લીધી હતી. રમેશ તિવારીને વ્યાજ સહિતના પૈસા ચૂકવી દેવાયા છતાં તે ગુપ્તાના ધંધાના સ્થળે જઈ વધું ૦૩ લાખની માંગણી કરી ગાળ ગલોચ કરવા માંડ્યો હતો. તેણે સિક્યુરીટી પેટે આપેલા ચેકમાં ૦૫ લાખ રૂપિયા રકમ ભરી કેસ કરવાની તથા ઘરેથી ઉપાડી જઈ માર મારવાની ધમકી પણ આપવા માંડી હતી. જેથી ગુપ્તાએ ડિંડોલી પોલીસનો સંપર્ક કરી વ્યાજખોર રમેશ તિવારી સામે ફરિયાદ નોંધાવી હતી.

# મનપાના વોર્ડ નંબર ૮માં ભાજપના ઉમેદવારોનો સ્થાનિકો દ્વારા વિરોધ

સુરત, તા.૨૧

સુરત મહાનગરપાલિકા ની ચૂંટણી પ્રચાર માટે જતા ઉમેદવારોને જનતાનો કડવો અનુભવ થઈ રહ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં ભાજપના ઉમેદવારોને લોકો તીખા તમતા સવાલો પૂછી જવાબો માંગી રહ્યા છે. ત્યારે મનપાના વોર્ડ નંબર ૮માં ચૂંટણી પ્રચાર માટે ગયેલા ભાજપના ઉમેદવારો અને કાર્યકર્તાઓને સ્થાનિક લોકોએ આકરા સવાલો કર્યા હતા કે અમને સમયસર રાશન મળતું નથી અને તેમના ભાગનું રાશન ક્યાં જાય છે તેનો હિસાબ આપવા માટે જણાવતા ઉમેદવારોએ ચાલતી પકડી હતી.

**અમને પૂરતું રાશન મળતું નથી, અમારા ભાગનું રાશન ક્યાં જાય છે હિસાબ આપો કહેતા જ ભાજપના ઉમેદવારો ભાગ્યાં**

શહેરના મોટાભાગના વિસ્તારોમાં અને ભાજપનો ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ભાજપના ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે. આ દરમિયાન આજે વોર્ડ નંબર ૮માં ભાજપના ઉમેદવારો ચૂંટણી પ્રચાર માટે ગયા હતા. ત્યારે સ્થાનિક લોકોએ તેમને ઘેરી લીધા હતા અને સ્થાનિકોએ ઉગ્ર સવાલો કર્યા હતા કે રાજ્ય સરકાર દ્વારા અમારા માટે જે રાશન આપવામાં આવે છે તે અમને પૂરતા પ્રમાણમાં મળતું નથી. અમારા ભાગનું રાશન ક્યાં જાય છે તેનો ખુલાસો માંગ્યો હતો. જેથી આખરે ભાજપના ઉમેદવારો અને કાર્યકર્તાઓએ ચાલતી પકડી હતી. જેથી લોકોએ તેમને અટકાવી સવાલનો જવાબ પૂછતા ઉમેદવારોએ તમે ઓફિસે વાત કરવા માટે આવી જજો કહીને વાતને ટાળવાની કોશિશ કરી હતી. જોકે લોકોએ પણ ઉમેદવારોને રોકડું પકડાવી દીધું હતું કે અમે લોકો તમારી ઓફિસે મત માંગવા નથી આવતા. સ્થાનિકોએ ઉગ્ર વિરોધ ચાલુ રાખતા આખરે ઉમેદવારો અને કાર્યકર્તાઓએ ચાલતી પકડી હતી.

**Bandhan Bank** | Regional Office: Netaji Marg, Nr. Mithakhali Six Roads, Ellisbridge, Ahmedabad-6. Phone: +91-79-26421671-75

## SYMBOLIC POSSESSION NOTICE

NOTICE is hereby given under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under Section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002, the Authorized Officer issued demand notice to the borrower(s) on the date mentioned against the account stated hereinafter calling upon them to repay the amount within 60 days from the date of receipt of said notice. The borrower(s) having failed to repay the amount, notice is hereby given to the public in general and in particular the borrower(s) that the undersigned has taken the symbolic possession of the property described herein below under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on the date mentioned against the account. The borrower(s) in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge of the Bank for the amounts, interest, costs and charges thereon. The borrowers'/mortgagors' attention is invited to the provisions of sub-section (8) of Section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

| Name of borrower(s), Guarantor & Loan Account No. | Description of the property mortgaged (Secured Asset) | Date of Demand Notice | Date of Symbolic Possession Notice | O/s Amount as on date of Demand Notice |
|---|---|---|---|---|
| Amit Jitendrabhai Thakar<br>Namrataben Amitbhai Thakar<br>20002010015072 | All The Piece And Parcel Of Survey No. Rs. No. 39/P, Tps No. 9, Final Plot No. 31/A, F- 403, Area Admeasuring 35.15 Carpate Area, 4th Floor, Ruda Flats, Mykhyamantri Avas Yojana Off Kalawad Rd Opp. Drive In Cinema At Munjka, Rajkot, Gujarat. 360005.And Same Bounded As Under:<br>North: Plat No. 403 & Lift, East: Part Of Area, West: Garden, South: Garden | November 11, 2025 | April 16, 2026 | Rs.4,26,222.54 (As on October 10,2025) |
| Chauhan Kuldipsinh Vanrajsinh<br>Mrs. Chauhan Gitaba Vajesinh<br>Mr. Chauhan Vajesinh Sursinhbhai<br>90001140038762 | All That Piece And Parcel Of The Immovable Property Residential House Admeasuring Area 53.52 Sq. Mtr, Siuated At Revenue Survey No. 218/1, Khodaldham Residency, Plot No. 298, At : Khokhaldal, Taluka & District : Rajkot. Gujarat. And Same Bounded As Under:<br>North :Plot No. 297, East : 7.50 Meter Road, West : Common Plot No. 2, South :Plot No. 299 | July 19,2025 | April 16,2026 | Rs.21,74,442.94 (As on May 12,2025) |

Place: Rajkot
Date: April 22, 2026

Authorised Officer
Bandhan Bank Limited

**Bandhan Bank** | Regional Office: Netaji Marg, Nr. Mithakhali Six Roads, Ellisbridge, Ahmedabad-6. Phone: +91-79-26421671-75

## SYMBOLIC POSSESSION NOTICE

NOTICE is hereby given under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under Section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002, the Authorized Officer issued demand notice to the borrower(s) on the date mentioned against the account stated hereinafter calling upon them to repay the amount within 60 days from the date of receipt of said notice. The borrower(s) having failed to repay the amount, notice is hereby given to the public in general and in particular the borrower(s) that the undersigned has taken the symbolic possession of the property described herein below under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on the date mentioned against the account. The borrower(s) in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge of the Bank for the amounts, interest, costs and charges thereon. The borrowers'/mortgagors' attention is invited to the provisions of sub-section (8) of Section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

| Name of borrower(s), Guarantor & Loan Account No. | Description of the property mortgaged (Secured Asset) | Date of Demand Notice | Date of Symbolic Possession Notice | O/s Amount as on date of Demand Notice |
|---|---|---|---|---|
| Mr. Ashokbhai Alabhai Dhankecha<br>Mrs. Jyotiben Ashokbhai Dhankecha<br>Mr. Vijay Ashokbhai Dhankecha<br>Mr. Mayur Ashokbhai Dhankecha<br>20002110001678 | All The Piece And Parcel Of Survey No. 5646 Part, House No. /Final Plot No. 40, Harijan Vas, Vishal Pan Street, Area Kadiya, City/Taluka & Dist. Porbandar, Gujarat-360575. And Same Bounded As Under: North:Block No. 41, East: Road, West: Road Towards Way To Chowk, South:Block No. 29 | January 19,2026 | April 16, 2026 | Rs.4,48,650.77 (As on January 09, 2026) |
| Mr. Hiteshbhai Labhchandra Davada,<br>Mrs. Chandrikaben Hiteshbhai Davada<br>20002110002357 | All That Piece Or Parcel Of Admeasuring About Tenement Land Area As 31.62 Sq. Mtr, Situated At Final Plot No. 1 & 2 Paiki, Revenue Survey No. 775/14, Part - C, Khodiyar Nagar, At : Bokhira, Taluka : Porbandar, District : Porbandar, Guajrat. And Same Bounded As Under: North: 7.50 Meter Road, East : Land Of Plot No. 2 Paiki Part - D, West: Land Of Plot No. 1 Paiki Part - B, South: Land Of Revenue Survey No. 775/13 | September 20, 2025 | April 16, 2026 | Rs.2,77,326.48 (As on September 09, 2025) |
| Keshavgiri Balgiri Meghnathi,<br>Mrs. Kajalben Keshavgiri Meghnathi<br>20002110002012 | All That Piece And Parcel Of residential Plot No. 14, As Per Plan Part - A, Revenue Survey No. 30/2, Khodiyar Nagar, Admeasuring About Area 42.72 Sq. Mtr, Village : Bokhira, Taluka & District : Porbandar, Guajrat. And Same Bounded As Under: North :Adjoinning Survey No. 36/2 Land, East : Plot No. 14 Paiki Part No. B Property, West : Plot No. 1 Land, South :6.00 Meter Wide Road | November 18, 2025 | April 16, 2026 | Rs.14,20,238.48 (As on November 11, 2025) |

Place: Porbandar
Date: April 22, 2026

Authorised Officer
Bandhan Bank Limited

**ICICI Bank**

**Registered Office:** ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara – 390007, Gujarat

**Corporate Office:** ICICI Bank Towers, Bandra Kurla Complex, Bandra East, Mumbai – 400051, Maharashtra

## Branch Relocation Notice

On Behalf of ICICI Bank Ltd., Ved Road, Surat Branch

Dear Customers,

We wish to inform you that with effect from June 1, 2026, we are relocating to a more convenient location. The address is as mentioned below:

